અરવલ્લી પેરોલ ફર્લો સ્કવોર્ડે મધ્યસ્થ જેલમાંથી પેરોલ મેળવી ફરાર આરોપીને દબોચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

વર્ષ-૨૦૧૪માં મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો જગતસિંહ પૂંજેસિંહ પરમાર (રહે.રામપુર, હાલ

રહે.ભાથીખત્રી મહાદેવપુરા, તા.હિંમતનગર) અમદાવાદ મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન લઈ ઘરે આવ્યા પછી ફરાર થઈ ગયો હતો. જેથી અરવલ્લી પરોલ ફર્લો સ્કવોર્ડે બાતમી આધારે મર્ડર કેસના પાકા કામના કેદીને ઝડપી લઈ ફરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દીધો છે.

અરવલ્લી જિલ્લામાં નવા પોલીસ વડાની નિયુક્તિ પછી પોલીસ કર્મીઓમાં એક નવો તરવરાટ જોવા મળે છે. જ્યારે માત્ર વહીવટ કરવામાં જ માહેર છે તેવા અનેક પોલીસ કર્મીઓને પોલીસ વડાએ હોંશિયામાં ધકેલી કેટલાકની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરતાં જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર અગાઉ કરતાં ઓટ આવી છે. જ્યારે અરવલ્લી જિલ્લા પોલીસે પાછલા સવા મહિનામાં વોન્ટેડ ૩ ડઝનથી વધુ આરોપીઓને દબોચી જેલના સળીયા પાછળ ધકેલ્યા છે. પેરોલ ફર્લો સ્કવોર્ડે મર્ડરના ગુનામાં આજીવાન કેદની સજા ભોગવતો આરોપી પેરોલ ઉપર છૂટ્યા પછી ફરીથી જેલમાં હાજર ન થતાં તેને પકડી લાવવાના આદેશ વછૂટ્યા હતા જે અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડના પી.એ.સા.આઈ., કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે આરોપીને દબોચી લઈ મધ્યસ્થ જેલમાં ધકેલ્યો છે.

પાલનપુરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૨૦૦ અરજદારોની સહાય પરત લેવાની નોટીસ ફટકારાઈ

પાલનપુર, તા. ૯

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાલનપુર શહેરમાં વસવાટ કરતા અરજદારો દ્વારા સહાય માટે પાલિકામાં અરજી કરી હતી. જેમાં નાણાં પાસ થઇ ખાતામાં જમા થયા હોવા છતાં મકાનનું કામ ન કરતા અંદાજીત ૨૦૦ અરજદારોને નાણાં પરત જમા કરાવવા નહી તો

સહાય મળવા છતાં કેટલાક લાભાર્થીઓએ મકાનના બાંધકામનું કામ શરૂ નહોતુ કરાયુ

ઝડપથી સમય મર્યાદામાં કામ પુરૂ કરવા નોટીસ ફટકારવામાં આવી છે.

સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ લોકો પોતાનું ઘર બનાવી શકે તે માટે ૩.૫૦ લાખની સહાય આપવામાં આવી રહી છે. જેમાં કેટલાક અરજદારોના નાણાં પાસ થઇ ગયા હોવા છતાં હજુ સુધી મકાનના બાંધકામનું કામ શરૂ ન કર્યુ હોવાનું પાલિકાના ધ્યાને આવ્યુ હતુ. જેથી પાલિકાની પ્રધાનમંત્રી આવાસ યોજનાની ટીમ દ્વારા આ પ્રકારના અરજદારોનું સર્વે કરી તમામ અરજદારોને પોતાના મકાનનું કામ ચાલુ કરવા નોટીસ ફટકારવામાં આવી છે અને જો મકાનના બાંધકામનું કામ ન કરવુ હોય તો સરકારની લીધેલી સહાય પરત જમા કરાવવા તાકીદ કરવામાં આવી છે.

આ અંગે પાલિકા પ્રધાનમંત્રી આવાસ યોજના વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે સહાય લીધી હોવા છતાં કામગીરી ચાલુ ન કરતા અંદાજીત ૨૦૦ જેટલા લાભાર્થીઓને કામ ચાલુ કરવા તેમજ જો કામ ચાલુ ન કરવુ હોય તો સહાય પરત કરવા નોટીસ આપી સહાયના નાણાં રીકવર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૬૯૫ પૈકી ૩૦૦ અરજદારોને પ્રથમ હપ્તો ખાતામાં જમા થઇ ગયો

પ્રધાન મંત્રી આવાસ યોજનામાં કુલ ૬૯૫ લાભાર્થી હતા. જેમાંથી ૩૦૦ જેટલા લાભાર્થીઓને પ્રથમ હપ્તો રૂ.૩૦,૦૦૦ ખાતામાં જમા થઇ ગયો છે. તેમજ બીજા હપ્તા માટેની પ્રક્રીયા પ્રોસેસમાં છે.

દિયોદર પંથકમાં રીક્ષા અને બાઈક ટકરાતા એકનું મોત : રીક્ષા ચાલક ફરાર

દિયોદર, તા. ૧૦

દિયોદર પંથકમાં મંગળવારે સવારે માર્ગ અકસ્માતની ઘટનામાં આશાસ્પદ યુવકનું મોત થતાં ચકચાર મચી ગઇ છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાદમાં પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી છે. પ્રાથમિક વિગતો મુજબ બાઇક અને રીક્ષા વચ્ચે અકસ્માતની ઘટનામાં બાઇક ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ છે. અકસ્માત સર્જીને રીક્ષા ચાલક ફરાર થઇ જતાં પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના ધનકવાડા પાસે આજે રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક યુવકનું મોત થયુ છે. ધનકવાડા ગામનો રહેવાસી ૨૧ વર્ષીય યુવક નરેશ ઠાકોર આજે બાઈક લઈને દિયોદર તરફ જઈ રહ્યો હતો. આ દરમ્યાન અચાનક સામેથી આવી રહેલી રીક્ષા અને બાઈક સામ સામે ટકરાતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક રોડ પર પટકાતા અને લોહીલુહાણ થતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત નરેશ ઠાકોરનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું.

ગોપાવાડા પ્રાથમીક શાળાના શિક્ષક તીરંદાજીમાં નેશનલ ચેમ્પીયન, બાળકોને તીરંદાજીના પાઠ ભણાવી રહ્યા છે



હિન્દુ ધર્મના મહાગ્રંથ મહાભારતમાં દ્રોણાચાર્ય ગુરૂ ધનુર્વિદ્યાનો મહિમા અનોખો છે તેમની પાસે પાંડવો સહીત અનેક રાજા મહારાજા ધનુર્વિદ્યા શીખી પારંગત બન્યા હતા ત્યારે અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ વિસ્તારમાં ગોપાવાડા પ્રાથમીક શાળાના શિક્ષક વર્ગીસ ભગોરા ખુદ આર્ચરીમાં ચેમ્પિયન બનવાની સાથે બાળકોને તીરંદાજીમાં નિપુણ બનાવી રહ્યા છે. મેઘરજનગરના અને ગોપાવાડા પ્રાથમિક શાળાના શિક્ષક, તીરંદાજીમાં નેશનલ ચેમ્પીયન બન્યા છે. ગત ૨૧ થી ૨૩ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલ ચોથી નેશનલ ગેમ્સ ૨૦૨૦-૨૧ માં, આર્ચરી સ્પર્ધામાં નેશનલ ચેમ્પીયન બની ગોલ્ડ મેડલ મેળવતા અરવલ્લી તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

અરવલ્લીના મેઘરજ નગરના ૪૨ વર્ષીય વર્ગીસ ભગોરા વ્યવસાયે શિક્ષક છે પરંતુ કલમની સાથે તીરંદાજીમાં પણ માહિર છે. તાજેતરમાં રાજકોટ ખાતે નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કબ્બડી, ખો-ખો, ફુટબોલ, જુડો, બોક્સીંગ, હોકી અને આર્ચારી, સહિતની તમામ રમાતો ની સ્પર્ધાઓ યોજાઇ હતી. જેમાં તીરંદાજીની રમતમાં જુદા જુદા રાજ્યોના અંદાજે ૪૦ કરતા પણ વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં આર્ચરીના તમામ સ્પર્ધકોમાંમાં અદભુત દેખાવ કરી, વર્ગીશભાઇ ગોલ્ડ મેડલ મેળવી નેશનલ ચેમ્પીયન બન્યા છે. તેમણે ખેલ મહાકુંભમાં પણ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ મેળવ્યા છે.

દિકરી પણ નેશનલ ચેમ્પીયન

વર્ગીસભાઇને સંતાનોમાં બે દિકરીઓ અને એક દિકરો છે. જેમાં ૧૫ વર્ષની મોટી દિકરી ભાર્ગેવી, પણ તીરંદાજીમાં નેશનલ ચેમ્પીયન છે. ભાર્ગેવીએ તીરંદાજીમાં ૬ ગોલ્ડ અને બે સીલ્વર એમ આઠ મેડલ મેળવ્યા છે. ભાર્ગવી છ વર્ષની હતી ત્યારથી તેના પિતા તેને તીરંદાજીનું પ્રશિક્ષણ આપી રહ્યા છે. હાલ તે નડીયાડ એકદમી ખાતે પ્રશિક્ષણ મેળવી રહી છે.

પરિવારના તમામ સભ્યોને તીરંદાજીનો શોખ

વર્ગીશભાઇનો ૭ વર્ષનો દિકરો પણ હવે તીરંદાજી શીખી રહ્યો છે. આ ઉપરાંત તેમની નાની દિકરી અને બહેનની દિકરીઓ પણ તીરંદાજીની ઘર આંગણે રોજ સવારે પ્રેક્ટીસ કરી રહ્યા છે. તીરંદાજી કરવામાં નિપુર્ણ આ પરિવાર આવનાર દિવસો અરવલ્લીનું અને દેશનું નામ રોશન કરે તો નવાઇ નહિ.

ડીસામાં વધુ એક યુવતી ઉપર નોકરીની લાલચ આપી દુષ્કર્મ આચરતા ફરિયાદ

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગુનાખોરીની ઘટના ઓમાં નોંધપાત્ર વધારો થયો છે તાજેતરમાં મહિલાઓ ઉપર થતા અત્યાચારના બનાવોમાં પણ વધારો થવા પામ્યો છે છેલ્લા બે દિવસમાં ડીસામાં બે મહિલાઓ ઉપર દુષ્કર્મની ઘટનાઓ સામે આવી છે જેમાં ગત રોજ એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી મહિલાને મોબાઈલના માધ્યમથી મિત્રતા કેળવી દુષ્કર્મ આચર્યુ હતું ત્યારબાદ વધુ એક યુવતીને નોકરીની લાલચ આપી દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગેની પોલીસ ફરિયાદની વિગતો જોતા ડીસામાં હાઈવે સ્થિત એક સોસાયટીમાં રહેતી અને ઘરકામ કરી પરિવારને મદદરૂપ થતી યુવતી મોબાઈલના ફેસબુકથી તરૂણકુમાર મીઠાલાલ ઠક્કર (માધવાણી) ના સમ્પર્કમાં આવેલ જે દરમિયાન તરૂણે તેને મોલમાં ૧૦ હજારના પગારની નોકરી આપવાની લાલચ આપી બગીચા નજીક મળવા બોલાવી હતી. બાદમાં નાસ્તો કરવાના બહાને તરુણ આ યુવતીને કારમાં બેસાડી સ્પોર્ટસ કલબ નજીક સીટી પ્લાઝા હોટલમાં લઈ ગયો હતો અને તેને ચપુ બતાવીને ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું તેમજ આ બાબત કોઈને કહીશ તો જાનથી મારી નખવાની ધમકી પણ આપી હતી. આ સમગ્ર ઘટના બાબતે પીડિત યુવતીએ આ બાબત ની જાણ તેના ધરમના ભાઈને કરી હતી અને તેના પરિવારજનો સાથે ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તરુણકુમાર મીઠાલાલ ઠક્કર (માધવાણી) ગોલ્ડનપાર્ક ડીસા તેમજ કાર ચાલક વિરુદ્ધ ઈ. પી. કો. કલમ ૩૭૬, ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

શંકરસિંહની સાથે અલ્પેશને કોંગ્રેસમાં પાછા લાવવા પ્રયાસો

ઘરવાપસી માટેની કવાયત તેજ : બે દિવસ પહેલાં મોડી રાત્રે ભરતસિંહ સોલંકીએ પોતાના નિવાસસ્થાને વાઘેલા સાથે બંધ બારણે મીટિંગ યોજી હતી

અમદાવાદ,તા.૧૦

ગુજરાત કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલાની ઘરવાપસી માટેની કવાયત તેજ થઈ ગઈ છે. થોડા દિવસ પહેલાની જ વાત છે જ્યારે વાઘેલાએ જાહેરમાં કહ્યું હતું કે ભાજપ સાથે બાથ ભીડવા માટે જો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી તેમને બોલાવે તો તેઓ દિલ્હી જવા માટે તૈયાર છે અને ફરી કોંગ્રેસમાં જોડાવા માટે પણ તૈયાર છે. તો બીજી તરફ જ્યારે આ અંગે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ કંઈ પણ કહેવાથી બચી રહ્યા છે. આ અંગેના કોઈ પણ સવાલના જવાબમાં એટલું જ કહે છે કે તમામ નિર્ણય હાઈકમાન્ડ કરશે. જોકે પાર્ટીના જ કેટલાક વિશ્વસનીય સૂત્ર વચ્ચે ચાલતી ચર્ચા મુજબ બે દિવસ પહેલા મોડી રાત્રે ભરતસિંહ સોલંકીએ પોતાના નિવાસસ્થાને વાઘેલા સાથે બંધ બારણે મીટિંગ યોજી હતી. વાઘેલાની આ કથિત મુલાકાત બાદ સોલંકીએ તે જ રાત્રે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોરને પણ કોંગ્રેસમાં પરત લાવવા માટે પ્રયાસો કર્યા હોવાનું કહેવામાં આવે છે. આગામી ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને ભાજપ સામે બાથ ભીડવા અને જ્ઞાતિ જાતીના રાજકીય સમીકરણો બેસાડવા માટે વાઘેલા અને ઠાકોરની ઘરવાપસી માટે કોંગ્રેસ તૈયારી કરી રહી છે. મહત્વનું છે કે હાલના સમયમાં કોંગ્રેસ પાસે ગુજરાતમાં કોઈપણ સર્વસ્વિકૃત નેતા નથી. તેમજ કોંગ્રેસ પાર્ટી માટે લોકો વચ્ચે પણ માસ અપીલ ધરાવતા કદાવર નેતાની મોટી ખોટ છે. ત્યારે પોતાની માસ અપીલ અને આક્રામકતાના કારણે આ બંને નેતાઓ કોંગ્રેસમાં ઘણેખરે અંશે પ્રાણ પૂરી શકશે તેવું પાર્ટીનું માનવું હોય તો પણ નવાઈ નહીં. આ તરફ કોંગ્રેસના સૂત્રોમાં ચર્ચાતી વાત મુજબ આગામી ૧૫ ફેબ્રુઆરી પછી ગમે ત્યારે ઘરવાપસીની આ જાહેરાત થઈ શકે છે. જો કોંગ્રેસના સૂત્રોની વાત માનીએ તો પાર્ટી માટે હાલની પંચાયતો અને પાલિકાની ચૂંટણી મીની વિધાનસભા ચૂંટણી સમાન જ છે. ૨૦૧૫માં આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસે ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપને ધોબીપછાડ આપી હતી. કુલ ૩૧માંતી ૨૩ જેટલી જિલ્લા પંચાયતો પર કોંગ્રેસનો વાવટો લહેરાવ્યો હતો.

જોકે તે વખતે પણ મહાનગરોમાં કોંગ્રેસની નબળાઈ સામે આવી હતી. આ તરફ ૨૦૧૫થી ૨૦૨૧ ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિમાં ખૂબ જ મોટો ફરક આવ્યો છે. રાજ્યમાં કોંગ્રેસના અસ્તિત્વ પર પણ કેટલાક સવાલ છે. તો તેની સાથે ગુજરાતમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અહમદભાઈ પેટલના અવસાન પછી દિલ્હીમાં હાઈકમાન્ડ સુધી વ્યક્તિગત રીતે રાજ્યનો અવાજ પહોંચાડનાર કોઈ નેતા નથી તેવી સ્થિતિમાં વાઘેલા અને ઠાકોરની ઘરવાપસી કરાવવાથી કોંગ્રેસ પોતાનો ઉદ્ધાર જોઈ રહી હોવાનું મનાય છે.

જૂનાગઢની હોટલમાં જંગલના રાજા સિંહના ધામાથી ફફડાટ

જૂનાગઢ,તા.૧૦

સિંહને જંગલનો રાજા કહેવામાં આવે છે. જોકે, જંગલનો રાજા હવે શહેરમાં પણ આંટાફેરા મારવા લાગ્યો છે. જૂનાગઢ શહેરની એક હોટલમાં સિંહ આંટાફેરા મારતો હોય તેવા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થઈ ગયા છે. હોટલમાં સિંહના આંટાફેરા જોઈને સિક્યુરિટી ગાર્ડ પર ડરનો માર્યો કેબિનમાંથી બહાર નીકળી શક્યો ન હતો. જોકે, સિંહ કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વગર અહીંથી ચાલ્યો ગયો હતો. મળતી માહિતી પ્રમાણે જૂનાગઢ રેલવે સ્ટેશન નજીક આવેલી એક હોટલમાં સિંહના આંટાફેરા જોવા મળ્યા હતા. આ અંગેના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે સિંહ મુખ્ય દરવાજેથી કૂદીને હોટલની અંદર આવે છે. જે બાદમાં સિંહ પાર્કિંગ સહિતના સ્થળો પર આંટાફેરા મારે છે. થોડીવાર સુધી હોટમાં આમતેમ આંટાફેરા માર્યા બાદ સાવજ જ્યાંથી હોટલમાં પ્રવેશ્યો હતો ત્યાંથી જ દરવાજો કૂદીને બહાર નીકળી જાય છે. સિંહ જ્યારે હોટલમાં પ્રવેશ કરે છે ત્યારે હોટલનો સુરક્ષાકર્મી ડરનો માર્યો પૂરાયેલો રહે છે. સિંહ આવી ગયાની જાણ થતાં તે ફફડી ઉઠ્યો હતો અને કેબિનની અંદર જ પૂરાયેલો રહ્યો હતો. જોકે, હોટલમાં આંટાફેરા કરીને સિંહ પરત જતો રહેતા સુરક્ષાકર્મીએ રાહતનો શ્વાસ લીધો હતો.

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરાનાથી એક પણ વ્યક્તિનું મોત નહી

નવા ૨૫૫ કેસ નોંધાયા : અત્યાર સુધીમાં કુલ ૨૫૭૯૮૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૭ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૧૦

સમગ્ર દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧,૪૧,૫૧૧ છે. અત્યાર સુધીમાં દેશમાં ૬૬,૧૧,૫૬૧ લોકોને વેક્સિનેશન થઈ ચૂક્યું છે. જ્યારે દેશમાં કોરોનાનો કુલ આંકડો ૧,૦૮,૫૮,૩૭૧ સુધી પહોંચી ગયો છે તો ભારતમાં અત્યાર સુધીમાં ૧,૦૫,૬૧,૬૦૮ લોકો કોરોનાથી સ્વસ્થ થઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં આ મહામારીના કારણે ૧,૫૫,૨૫૨ લોકોના મોત થઈ ચૂક્યા છે તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૨૫૫ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક પણ ૪૩૯૭ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૫૫ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૯૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૫૭૯૬૮ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૬૫%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૪૭, સુરતમાં ૩૩, વડોદરામાં ૫૦ તેમજ રાજકોટમાં ૪૦ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૮૦૦ એક્ટિવ કેસમાંથી ૨૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૭૭૪ સ્ટેબલ છે. સૌથી રાહતની વાત એ છે કે રાજ્યમાં ૨૪ કલાકમાં એકપણ મોત નોંધાયેલ નથી. દેશમાં આશરે ૨૦ લાખ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી છે તો રસી લગાડવાના મામલે કર્ણાટક સૌથી આગળ છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૮૮૩ કેન્દ્રો પર ૫૩,૬૧૫ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૭,૧૪,૧૩૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

મેરિકો લિમિટેડ એફએસએસએઆઈના સહયોગથી વિધાનસભા ખાતે 'ઈટ રાઈટ કેમ્પસ પ્રોગ્રામ''નો અમલ

આ પહેલ અંતર્ગત મેરિકોની નિરંતર પ્રયત્નોના કારણે ગાંધીનગર વિધાનસભા સંકુલને એફએસએસએઆઇ તરફથી ફાઇવ-સ્ટાર સર્ટિફિકેટ મળ્યું છે

ગાંધીનગર, તા. ૧૦

ભારતની અગ્રણી કન્ઝ્યુમર કંપની પૈકી એક મેરિકો લિમિટેડ ગુજરાત રાજ્યમાં ઈટ રાઈટ પ્રોગ્રામને વધુ વિસ્તૃત કરવા માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) અને ધ ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (એફડીસીએ) સાથે કામ કરી રહી છે. પ્રોગ્રામના ભાગરૂપે મેરિકોએ ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપતા ગાંધીનગર વિધાનસભા અને અન્ય ફૂડ બિઝનેસ ઓપરેટર્સમાં ઈટ રાઈટ કેમ્પસની પહેલ કરી છે. વૈશ્વિક મહામારી વચ્ચે પણ તેમના સતત અને અસરકારક અમલને જોતા વિધાનસભા કેમ્પસ ખાતેની તમામ કેન્ટિન્સને એફએસએસએઆઈ તરફથી ફાઈવ સ્ટાર સર્ટિફિકેટથી સમ્માનિત કરવામાં આવી છે.

એફએસએસએઆઈ દ્વારા પ્રોત્સાહિત મેરિકો લિમિટેડે ગાંધીનગરના વિધાનસભા સંકુલને પોતાના કાર્યક્ષેત્ર હેઠળ લઈ લીધુ છે. વિધાનસભા સંકુલ છ કેન્ટીન ધરાવે છે અને દરેક કેન્ટીનને તેનો વ્યક્તિગત સ્ટાફ સોંપવામાં આવે છે. કેન્ટીન સ્ટાફના ફૂડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન (ફોસ્ટેક) બાદ આવનારા તફાવતને સમજવા માટે તમામ કેન્ટીનનું પ્રોગ્રામના ભાગરૂપે ઑડિટ હાથ ધરાવામાં આવ્યું હતુ અને ઑડિટના તફાવતના સુધારા બાદ અંતિમ ઑડિટ હાથ ધરાયું હતુ અને તમામ કેન્ટીને સફળતાપૂર્વક ફાઈવ-સ્ટાર સર્ટિફિકેટ મેળવ્યું હતુ.

ડૉ. એચ.જી. કોશિયા, કમિશનર, ફૂડ એડ ડ્રગ કંટ્રોલ એડમિનીસ્ટ્રેશન (એફડીસીએ), ગુજરાતએ જણાવ્યું હતુ કે ''ઈટ રાઈટ પહેલ દેશમાં આરોગ્યપ્રદ અને સુરક્ષિત આહાર વિશે જાગૃત્તિ ફેલાવવામાં અભિન્ન રહ્યું છે. છેલ્લા ૧૪ વર્ષથી ક્ષમતા વિકાસ અને ખાદ્ય સુરક્ષા અંગેની મેરિકો લિમિટેડ સાથેની અમારી ભાગીદારી ખૂબ જ ફળદાયી રહી છે. ગાંધીનગરમાં વિધાનસભા સંકુલનું પ્રમાણપત્ર અત્યાર સુધી કરાઈ રહેલા કાર્યોનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ સિદ્ધિને પ્રાપ્ત કરવા માટે હું મારી એફડીસી ગુજરાતની ટીમ અને મેરિકો ટીમના સભ્યો દ્વારા કરાયેલા સંયુક્ત કાર્યોની પ્રશંસા કરૂં છું. હું ઑડિટીંગ અને ટ્રેનીંગ એજન્સીઓનો પણ આભાર વ્યક્ત કરૂં છુ અને અમે ભવિષ્યમાં વધુ અનેક સફળતા તરફ જોઈ રહ્યાં છે.''

જેડ દ્વારા નવા અધ્યાયનો પ્રારંભ : મુંબઈની અગ્રણી લક્ઝરી બેન્કવેટ બ્રાન્ડ, અમદાવાદમાં ''જેડ''નું આગમન

શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ભોજન સમારંભની સેવાઓ લાવવા તૈયાર

અમદાવાદ, તા. ૧૦

દક્ષિણ મુંબઈમાં સફળતાપૂર્વક બેન્કવેટિંગનો એક્સપેરિયન્સ આપ્યા બાદ જેડ બેન્કવેટ્સે અમદાવાદમાં વધુ એક પ્રીમિયમ હોસ્પિટાલિટી બ્રાન્ચની શરૂઆત કરી એક નવા અધ્યાયનો પ્રારંભ કર્યો છે. નવું બેન્કવેટ વ્યૂહરચનાત્મક રીતે એસ.જી. હાઈવેથી બોડકદેવના પોશ વિસ્તારમાં રાજપથ ક્લબની નજીક સ્થિત છે, જે તમામ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ અને શહેરની સાંસ્કૃતિક ચર્ચા માટેનું મુખ્ય સ્થળ બનાવે છે. જેડ બેન્કવેટ્સ એ ફૂડલિંક એફ એન્ડ બી હોલ્ડિંગ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું એક વર્ટિકલ છે. આ અગ્રણી હોસ્પિટાલિટી એન્ટરપ્રાઈઝનું મુખ્ય હેડ ક્વાર્ટર મુંબઈમાં છે અને ઈશા અંબાણી, આકાશ અંબાણી, દીપિકા પાદુકોણના લગ્ન જેવી કેટલીક હાઈપ્રોફાઈલ ઈવેન્ટ્સનું સફળતાપૂર્વક સંચાલન કરીને જાણીતી થઈ છે.

તેના ડીએનએમાં 'અતિથી દેવો ભાવ'ની પરંપરાથી પરિપૂર્ણ, જેડે ગેસ્ટ્રોનોમિક્સ વાનગીઓ અને અદ્‌ભૂત સર્વિસથી આતિથ્યની કળા (આર્ટ ઓફ હોસ્પિટાલિટી)ને સંપૂર્ણ કરી છે. મૂલ્યવાન ઈવેન્ટ્સની ઉજવણી માટેનું વન સ્ટોપ ડેસ્ટિનેશન, જેડ પ્રસંગોને ભવ્ય રીતે સફળ બનાવવામાં કોઈ કસર ન છોડવામાં માને છે. અદ્‌ભૂત ગેસ્ટ્રોનોમિક આનંદ માટે વિવિધ સ્થળોની જગ્યાઓ સાથે, બેન્કવેટ બ્રાન્ડ પોતાની માટે એક વિશિષ્ટ સ્થાન બનાવે છે.

જેડ એ સ્થિતિ ફૂડ અને બેવરેજીની ટીમ, આધુનિક અને પરંપરાગત પાકકાળની અજાયબીઓની ચપળતાપૂર્વક વ્યવસ્થા કરે છે. તાજી સામગ્રીઓનો સુવ્યવસ્થીત રીતે ઉપયોગ કરીને ભોજન સલામત અને સુસંગત વાતાવરણમાં તૈયાર કરવામાં આવે છે. સ્વાદ અને ગુણવત્તા સાથે કોઈ સમાધાન કર્યા વિના ચોક્કસ આહાર આવશ્યકતાઓ માટે તંદુરસ્ત વિકલ્પોની વિશાળ શ્રેણી આપવામાં આવે છે. તેની વ્યાખ્યાયિત લાક્ષણિકતાઓને સાચુ, જેડ આનંદકારક અનુભવ માટે કરાવે છે.

માર્ગનું પેવર કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષો પુર્વે આ માર્ગને સિકસલેન બનાવાયો હતો . પ્રવાસન પથ તરીકે આ માર્ગ જાહેર કરાયો છે. આ રૂટમાં મહુડી તરફ જતા ભાવિકોની સંખ્યા વિશેષ હોવાના લીધે રૂટમાં સતત ટ્રાફિક ધમધમતો જોવા મળે છે. જેના લીધે માર્ગ સલાતમીના પરિબળોને ધ્યાને લઇ માર્ગ વાઇડનીંગનુ અગાઉ કામ હાથ ધરાયુ હતુ જયારે હવે નિયત સમયના અંતે માર્ગ સુધારણાને અનુલક્ષી પેવર કામ હાથ ધરવામાં આવશે સુત્રોના જણાંવ્યા મુજબ આ માર્ગના પેવર કામ પાછળ અંદાજિત રૂ ૪૩ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કામગીરી સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરવામાં આવશે. ચિલોડા સ્થિત સરકારી પ્લાન્ટના આધારે માર્ગનુ પેવર કામ કરવામાં આવશે. લાંબા સમયથી આ માર્ગની દશા ખરાબ હતી જયારે હવે આ માર્ગ સુધારણાના કામને મંજુરી અપાતા આખરે આ રસ્તાનુ કામ હાથ ધરવામાં આવશે. પેથાપુર મહુડી માર્ગ પર રોજબરોજ ટ્રાફિક જોવા મળે છે. જયારે ટ્રાફિકના લીધે સાંકડા માર્ગને અગાઉ પહોળો કરવામાં આવ્યો હતો પરંતુ લાંબા સમયથી આ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ જેના લીધે સ્થાનિકોમાં પણ રસ્તાની સુધારણા માટે માંગ ઉઠવા પામી હતી. ટુંકમાં જ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ક્રિકેટ સ્ટેડિયમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થા તેમજ ખેલાડીઓ માટેના ગ્રીન રૂમમાં ફર્નિચરનુ કામ પણ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ક્રીકેટ મેદાનને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ કક્ષાએથી વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. દરખાસ્ત મંજુરીના અંતે સ્ટેડિયમની કાર્યયોજના આગળ વધશે. છેલ્લા બે વર્ષથી સ્ટેડિયમના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે કોરોના કાળમાં આ કામગીરી બંધ રહી હતી ત્યારે આ કાર્યયોજનાને આગળ વધારવા માટે દરખાસ્ત મંજુરીના અંતે સ્ટેડિયમને અનુલક્ષી બગીચો તેમજ લેન્ડ સ્કેપીંગ સહીતની કામગીરી પણ હાથ ધરાશે. ગાંધીનગરમાં પણ ક્રીકેટ રસિયાઓની સંખ્યા વધુ છે. ત્યારે નવા ઉગતા ક્રીકેટરો માટે પણ આ સ્ટેડિયમ ઉપયોગી પુરવાર થશે. રણજી ટ્રોફી સહીતની ઉચ્ચ કક્ષાની મેચ રમી શકાય તે મુજબ સ્ટેડિયમની પીચ તેમજ બેઠક વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે.

જકડતા નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ કૃષિ સુધારાઓ પર જોર આપતાં કહ્યું હતું કે જ્યાં સુધી ખેતીને આધુનિક નહીં બનાવીએ ત્યાં સુધી એગ્રીકલ્ચર